Barcode - 99999990873418
Title - Imame Mobin.
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 42
Publication Year - 1939
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9999999087341

# ઇમાને મોમીન.

વકફ કરનાર:—

ગુલામહુસેન વલીમહમદ લાદીવાલા.

गूजरात विद्यापीठ ग्रंथालय
[ गुजराती कॉपीराअिट विभाग ]

अनुक्रमांक ૧૩૭૪૪ वर्गांक

पुस्तकनुं नाम ઈમામે ભોજીન

विषय ૫૭૨:૩૩૧

# કીતાબનો ભંડાર.

અલ્લાહ તઆલાના ફઝલો કરમથી અને અહલે બયતે અતહાર અ૦ ના સદકાથી માસા-અલ્લાહ ૩૫ વરસમાં જે જે કીતાબોની જરૂ-રત ધ્યાનમાં આવતી ગઈ તે પ્રગટ કરતો ગયો એટલે ખુદાની વહદાનીયત, માઅરેફત પયગમ્બરો, ઈમામો અંબીયાઓ, આલીમો, મઝલુમો, આબીદો, પરહેઝગારો, ઈત્યાદીના અહવાલની અને ઈસ્લામ મઝહબ અસલથીજ છે તે તથા એકબીજાના હક, તેમજ દીન તથા દુન્યાની તઅલીમ, નસી-હત, નોવેલ શાદી ગમી, કફન, દફન, નમાજ, રોઝા, હજ વી૦ એ સર્વના મસાએલ, તથા કુરઆને સરીફને ગુજરાતી હરફમાં લખી તેનો ગુજરાતી તરજુમો તેની તફસીર તાવીલ વગેરે ૧૬૫ કીતાબો થઇ એ તમામ બાબતોનો અલહ-મ્દોલીલ્લાહ ભંડાર અને ખજાનો મવજુદ છે, અને ૩૩ વરસથી રાહેનજાત માસીક પ્રગટ થાય છે લવાજમ વરસે રૂ. ૫ છે. ૧૦૦ કીતા-બોનું નવું લીસ્ટ ૦॥ આનાની ટીકીટ મોકલીને મંગાવી વાંચી જુઓ.

**આધપતિ રાહેનજાત**

**ભાવનગર—કાઠીયાવાડ.**

# ઇમામે મોબીન.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

## ગુલામહુસેન વલીમોહમ્મદ ભીમજી.

સાજન લાઢીવાળાએ પોતાના માતપીતાની અરવાહોના

સવાબ વાસ્તે વકફ કરી છે.

મલવાંનું ઠેકાણું;—

**સાજન કું.**

ટાઇલિશના વેપારી, કોટ, મુંબઇ.

આનો હદીયો એ કે વાંચીને ફાયદો મેળવો.

આવૃતી ૧ લી. પ્રત ૧૦૦૦

ભુલ ચુક સુધારીને વાંચશો.

સન ૧૩૪૫ હિજરી. સંવત ૧૯૮૩. સને ૧૯૨૭.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૧૩૭૪૪
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

# ખુલાસો.

ઇમામે મુબીન નામની બુક આજે મારા ભાઈઓ સમક્ષ મુકતા મને ખુશાલી ઉપજે છે મારા કેટલાક જાતી ભાઈઓ ઇમામે મુબીન એટલે શું અને કોણ? તે ભાગ્યેજ જાણતા હશે, તેઓની જાણ માટે આ બુક મારા એક મુરબ્બી પાસે લખાવી તેને છપાવી વકફ કરૂં છું,

હાલ સુધી મેં કેટલીક બુકો છપાવી વકફ કીધી છે, એટલાજ માટે કે મારા ઘણા ખરા ભાઈઓ મઝહબથી વાકેફ નથી તેમ તે વેચાતી બુકો ખરીદ કરી શકે નહિ એવી સ્થિતિને ધ્યાનમાં રાખી, મેં તેવા ભાઈઓની સહુલત માટે તેમને ફરોઝ પહોંચાડવા માટે બુકો છપાવી તેમને દીન અને દુન્યાના ફાયદા પહોંચાડવા હિંમત કરી છે.

મારા કામનો બદલો ફકત હું એટલા ઉપરજ મળેલો માનુ છું કે મારા અજ્ઞાન બંધુઓ સદરહુ બુકો વાંચી પુરે-પુરા વાકેફ થાય, અને તેનાથી ફાયદો ઉઠાવે એટલે મારી મહેનત બર આવેલી સમજીશ.

આ તકે હું ઇમામે મુબીનની બુક લખી મોકલનાર મુરબ્બી ભાઈનો ખરા દીલથી ઉપકાર માનું છું.

માણુસ માત્ર ભુલને પાત્ર હોય છે તે મુજબ મારાથી કોઇ ભુલ થઇ હોય તો મને માફ ફરમાવશો.

લી૰ ભાઈઓનો ખાદીમ.

**ગુલામહુશેન વલીમહમદ લાદીવાળા.**

# ઇમામે મોબીન.

## બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ.

અલ્લાહુ પાકની બેશુમાર તાઅરીફ અને અહલેબૈતે અતહાર અલયહેમુસ્સલામ ઉપર અનહદ સલવાતો સલામની બાદ આ નાની એવી કિતાબ ઇમામની ઓળખાણ માટે મોઅતબર તફસીરો અને કિતાબો જેમકે "મનહજુસ્સાલેકીન" "હકકુલ યકીન" 'હયાતુલ્કોલુબ" "અનવારૂલ બયાન" વી. વી. ને આધારે લખી છે, કે તેથી ખરા ઇમામ અ૦ ની સંમ્પૂર્ણ ઓળખાણ થાય, અને દરેક સેરાતે મુસ્તકીમ ચાહનારને હક ઇમામનો દામન નસીબ થાય; અને આનું નામ "ઇમામે મોબીન" રાખ્યું છે.

**લ૦ ઇમામે મોબીનનો ગુલામ. અદદ નંબર ૮૬.**

## ઈમામ એટલે શું?

જાણવું જોઇએ કે, ઇમામ અરબી શબ્દ છે, તેનાં જાહેર અર્થ પેસવા, આગેવાન, રસ્તો બતાવનાર, ઇત્યાદી થાય છે. આપણે આ જગ્યોએ ઇમામથી મતલબ રસ્તો બતાવનારનો છે. હવે રસ્તો

બતાવનાર પણ બે જાતનાં છે, એક તો હક રસ્તો બતાવનાર, કે તે થકી સેરાતે મુસ્તકીમ (મઝબુત ખરો રસ્તો) મળે અને ઘણાં જણ ખોટા અને ગુમરાહીનો રસ્તો બતાવનાર પણ છે, અને તેથીજ ખુદાએ સુરએ અંમ્બીયાની આયત ૭૩ માં ફરમાવ્યું છે કે. "વજઅલ્લનાહુમ અઈમ્મતન યહદૈના બેઅમ્રેના" તે છેલ્લે સુધી, જેનો જાહેરી અર્થ એ કે, "અમોએ તેઓને ઇમામ બનાવ્યા કે તેઓ અમારા હુકમથી લોકોને હિદાયત કરે છે" ઇત્યાદી. અને સુરએ કસસની ૪૧ મી આયતમાં છે, તેનો અર્થ એ કે, "અને અમે જાહેર કર્યું કે તે ઇમામો લોકોને (જહન્નમ) ની આગ તરફ બોલાવે છે." ઇત્યાદી.

હવે અહીંયા કોઇ એમ કહે કે, ઇમામ એવો ભારે શબ્દ છે કે જેનાં અર્થ ઘણાંજ ઉમ્દા થાય છે, ત્યારે ગુમરાહ કરનાર માટે પણ એ શબ્દ કેમ વાપરવામાં આવ્યો? તો આનાં જવાબમાં જાણવું કે, જ્યારે જુઠ્ઠાઓ ઇમામનો દાવો કરનાર નિકળશે, અને પોતાને ઇમામ તરિકે ઓળખાવશે, એ ભવિષ્યની બાબત ખુદા જાણતો હતો તેથી ફરમાવ્યું કે, ગુમરા કરનાર ઇમામ પણ છે.

તો સાબીત થયું કે, કેટલાક ઇમામ હકની હિદાયત કરનાર છે, અને તેઓને ખુદાએ મુકર્રર કર્યા છે. અને કેટલાક ઇમામ થઇ બેસે છે, કે તેઓ ગુમરાહ કરે છે.

# ઈમામે મોબીન કોણ?

આજકાલ ઇમામે મોબીન વિષે ઘણી ચર્ચા ચાલી રહી છે, તેથી એ વિષે વધારે ખુલાસાની જરૂર છે. કુરઆનમાં સુરએ યાસીનમાં ખુદાએ ફરમાવ્યું છે કે, વકુલ્લો શયઇન અહસયનાહો ફીઇમામી મ્બોબીન" એટલે 'અમોએ તમામ ચીઝ ઇમામે મોબીનમાં રાખેલ છે." તો આની તફસીરમાં પચાસ કરોડ મુસલમાનો તહોતેરે ફીરકાઓ કે જે મુખ્ય સુન્ની અને શીઆહ એ ફીરકામાંથી ઉત્પન્ન થયા છે, એ સરવે એજ અર્થ કરે છે કે, ઇમામે મોબીન એટલે રોશન દફતર, રોશન દફતર, રોશન કિતાબ અને એ દફતર તથા કિતાબ "લવહે મહફુઝ" ને કહે છે. લવહે મહફુઝ તે ખુદાએ જન્નતની ઉપર અર્ષ સામે એક તખ્તી રાખેલ છે, તે સફેત મોતીનાં એકજ દાણાંની છે, તેની લંબાઇ ઝમીનથી આસમાન જેટલી છે, અને પોહળાઇ પુર્વથી પશ્ચીમ સુધી છે, તેમાં તમામ ભુત ભવિષ્ય વિગેરેની બાબતો લખી છે. તો તમામ મુસલમાનોની હજારો કિતાબોમાં સેંકડો તફસીરોમાં "ઇમામે મોબીન" નાં એજ અર્થ લખ્યા છે.

હાલ કેટલાક ગુજરાતી લેખકોનો મોટો આધાર મરહુમ ઇસ્ફેહાનીનાં કુર્આનના તરજુમા ઉપર છે, તો તેમણે તેનાં અર્થ "સ્પષ્ટ અને મુખ્ય કિતાબ" લખેલ છે, અને બીજી ઘણી બાબતોની ટીકા લખી છે પણ એની ટીકા વટીક લખેલ નથી.

જ્યારે સુંન્નત જમાતની તફસીરોમાં ઇમામે મોબીનનાં અર્થ જાહેર કે રોશન ઇમામ લખેલ નથી, ત્યારે એ આયતનાં અર્થ શીઆઓએ લખેલ હોય તે માન્ય રાખવા જોઇએ. ઇસ્નાઅશરી-યોની તફસીરમાં એ આયતનાં અર્થ ઈમામ જાહેરજ હોવો જોઇએ તેમ નથી, પણ એ આયતમાં ઇમામની સીફત બતાવી છે, કે ઇમામે મોબીન એટલે રોશન અને આશકારા ઈમામમાં ખુદાએ તમામ સંપુર્ણ ઇલ્મ ભરેલા છે. અને તે ખાસ હ૦ અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબીતાલેબ અ૦ માટેજ છે. પણ એ સીફાત ખુદાએ તેઓને આપી, તેથી તેમની પછીનાં બાકીના અગ્યારે ઇમામમાં તે સીફાતો હતી. જુવો એની તફશીરમાં ઈમામે મોહમ્મદે બાકેર અ૦ એ ફરમાવ્યું કે, એ આયત નાઝીલ થઇ ત્યારે હ૦ રસુલે ખુદા સ૦ પાસે હ૦ અબુબકર અને હ૦ ઉમર પણ હાજર હતા, તેથી તેઓએ ઉભા થઇને પુછ્યું કે, યા રસુલલ્લાહ સ૦ ઈમામે મોબીન શુ તવરેત છે? ફરમાવ્યું કે નહીં, તો પુછ્યું શું ઇનજીલથી મુરાદ છે? ફરમાવ્યું કે નહીં, એટલામાં જનાબે અમીરૂલ મોઅમેનીન હ૦ અલી અ૦ આવ્યા, તો હ૦ રસુલેખુદા સ૦ મે તેમની તરફ ઇશારો કરીને ફરમાવ્યું કે, "**હોવ હાઝા ઇન્નહુલ ઈમામુલ્લઝી અહસલ્લાહો તબારક વ તઆલા ફીહે ઇલ્મ કુલ્લે શયઇન**" એટલે "જુઓ તેથી મુરાદ આ ઇમામે મોબીન છે કે જેમનામાં ખુદાવંદે આલમે તમામ ચીઝોનું ઇલ્મ સંમ્પુર્ણ ભરી આપ્યું છે!!! અને હદીસે કુદસીમાં છે કે, ખુદાએ ફરમાવ્યું છે કે મેં અલીને હીલ્મ અને ઇલ્મ અતા કર્યું છે, અને ઇમામે અલીય્યુન નકી અ૦ મે ફરમાવ્યું છે કે ખુદાએ તઆલાનાં ઇસ્મે અઅઝમનાં તોંહતેર હરફ

છે તેમાંથી બોંહુતેર હરફ અમોને આપેલ છે અને ફકત એકજ ખુદાએ ખાસ પોતા માટે રાખેલ છે. જનાબે મજલીસી અઅલ-લ્લાહો મકામોહુ મોબીનનાં અર્થમાં લખે છે કે, ખુદાએ તમામ ઇલ્મ એવા ઇમામમાં ભર્યું છે કે તે "મોબીન" એટલે બયાન કરવાવાળો છે

'**મોબીન**" નાં અર્થ આશકારા, આશકારા કરનાર, ઝાહેર, ઝાહેર કરનાર, બયાન કરનાર, રવશન, અને રવશન કરનારના થાય છે. એ તમામ મુકીને જેઓ **મોબીન** શબ્દને વળગી રહ્યા છે, અને તેનાં અર્થ જાહેરનાં કરે છે, તો તેવા અર્થ કર વાથી તેમનો મુદ્દો એ સાબીત થતો નથી કે ઇમામ ગાઈબ નજ હોય. અને દરેક શબ્દનાં અર્થ તે વાકય અને બીના ઉપરથી લેવાય છે, જેમકે મૌલા અરબી શબ્દ છે, તેનાં અર્થ આકા, શેઠ, તથા ગુલામનાં થાય છે. તો દરેક ઠેકાણે તેનાં અર્થ ગુલામ લાગુ પડાય નહીં, તેમજ આદીલનાં અર્થ ઇન્સાફ કરનાર, અને ફાસીક, બેદકાર, તેમજ ખુદાની ઝાતમાં શરીક કરનાર થાય છે. તો દરેક મૌકે જે અર્થ લાગુ પડે તેજ અર્થ લઇ શકાય. 'મોબીન' નાં અર્થ જો એમજ થતા હોય કે કે ગાયબ નજ હોય જે નજરની સામે દેખાય તેજ હોય તો જુઓ ખુદાએ કુરઆનમાં સુરએ યુસુફમાં ફરમાવ્યું છે કે, "**ઇન્નશ્શયતાન લીલઇન્સાને અદુવ્વુમ મોબીન**" એટલે ખરેખર ઇન્સાન માટે શૈતાન જાહેર દુશ્મન છે તો શૈતાનને તો કોઇ જોઇ શકતું નથી તે ગાયબ છે, અથવા એમ કહો કે અદ્રષ્ય છે. તો તેનાં માટે મોબીન શબ્દ વાપર્યો છે.

ત્યારે મોબીનનાં અર્થ ગાયબ નજ હોય, અને દેખાય એવો જાહેર હોય, એવું ક્યાં રહ્યું? એ સિવાય એથી પણ વધારે સજ્જડ અને સૂર્ય કરતાં પણ વધારે પ્રકાશીત દલીલ એ છે કે, ખુદાએ સુરએ નુરમાં ફરમાવેલ છે કે, **"અન્નલ્લાહુ હોવલ હક્કુલ મોબીન"** એટલે "કાંઈ શક નથી કે ખુદા તેજ હક અને જાહેર છે" તો ખુદાએ પોતા માટે **'મોબીન"** શબ્દ વાપર્યો અને મોબીનનાં અર્થ જાહેર, રવશન, આશકારા, ઈત્યયાદી થાય છે, તો ખુદા જોવામાં આવતો નથી, ત્યારે મોબીનનાં અર્થ "દેખાય એવો જાહેર" લઈએ તો તે તદ્દન ખોટો અર્થ થાય છે. તો તેનાં અર્થ રાૈશન લેવા પડશે, કે એવો કુદરતવાળો છે કે તેની નિશાનીઓથી તે રવશન અને જાહેર છે. તેમજ તેણે પોતાનાં એક હજાર ને એક નામ રાખ્યા છે જેમ કે જવશનેકબીરમાં સો ફસલ છે તે દરેકમાં દસ નામ છે અને પંચાવનમી ફસલમાં અગ્યાર નામ છે, તો ૭૭ મી ફસલમાં ૭૬૪ મું નામ **"મોબીન"** છે, તો તેનાં અર્થ રવશન કે જાહેર હ્યો, પણ તે જોવામાં આવતો નથી તેથી એજ અર્થ થશે કે તેની એવી સીફાતો છે કે તે થકી જાહેર અને રવશન છે. તો ઇમામે મોબીન એટલે જાહેર ઇમામ, રવશન ઇમામ, જાુવે તે હ્યો, પણ ગાયબ ન હોય અને દેખાય એવોજ ઇમામ એવા અર્થ કોઇ રિતે થઇ શકતા નથી, પછી જાુએ તો ઇમામ ગાએબ હોય જાુએ તો જાહેર દેખાય. એમ હોય, એ દરેક માટે લાગુ પડે છે, પણ એ ચોક્કસ છે કે, ખુદાએ એ આયત ઇમામ જાહેર કે ગાયબ હોવાનું બતાવવા માટે નાઝીલ કરી નથી, પણ ઇમામને કેવું અને કેટલા દરજાનું ઇલમ છે તે બતાવવા

ફરમાવેલ છે, કે તમામ ચીઝ ભુત અને ભવિષ્ય ઇત્યાદીનું ઇલ્મ ઇમામમાં પેદા થતાંજ અમોએ ભરી આપેલ છે.

ઇમામો અ૦ની માફક નબીયો પણ બાળપણથીજ આલીમ હોય છે, જેમ કે હઝરતે ઇમામે મોહમ્મદે બાકેર અ૦થી મનકુલ છે કે, જ્યારે હઝરતે ઇસા અ૦ જનમ્યા તે એટલા મોટા થતા કે બીજા બચ્ચાં બે મહીનાંના થાય એટલા એક દીવસમાં મોટા થતા હતા, જ્યારે ઇસા અ૦ સાત મહીનાનાનાં થયા તો જનાબે મરીયમ અ૦ મકતબમાં લઇ ગયા, અને મોઅલ્લીમની સામે બેસાર્યા. મોઅલ્લીમે કહ્યું કે, કહો બીસમીલ્લાહીર રહમાનીર રહીમ. જનાબે ઇસા અ૦મે તે મુજબ કહ્યું, મોઅલ્લીમે કહ્યું કે કહો અ-બ-જ-દ હઝરત ઇસાએ માથું ઉચું કરીને કહ્યું કે તું અ-બ-જ-દ ના માયનાં જાણે છે? મોઅલ્લીમે છડી મારવા ઉપાડી, તે જોઇ હ૦ ઇસાએ ફરમાવ્યું કે, શા માટે મારે છે અગર તું જાણતો હોય તો બયાન કર, અને જો ન જાણતો હોય તો મને પુછ તો હું બયાન કરૂં. મોઅલ્લીમે કહ્યું કે તમો બયાન કરો. હ૦ ઇસાએ ફરમાવ્યું કે અ-બ-જ-દ માં પહેલો અક્ષર (અ) છે, એટલે "આલાઅ અને આલાઅ એટલે ખુદાની નેઅમત. બીજો અક્ષર (બ) છે, એટલે બેહજત, અને તે ખુદાનાં કમાલની સીફત છે, ત્રીજો અક્ષર (જ) છે, એટલે ખુદાનું જમાલ. ચોથો અક્ષર (દ) છે, એટલે દીને ખુદા. અને પછી હુવ્વઝ છે, તેમાં પહેલો અક્ષર (હ) છે, એટલે હવલે જહન્નમ," એટલે જહન્મની બીક, બીજો અક્ષર (વ) છે, એટલે "વયલુન લે અહલીન્નાર" એટલે દોજખીઓ ઉપર ફટકાર છે. ત્રીજો અક્ષર (ઝ) છે, એટલે ઝફીર,

એટલે જહન્નમનાં લોકાની પોકાર કે પોતાનાં ગુનાહોનાં સબબથી બુમો પાડશે. પછી હુત્તી છે, એટલે થોડું કે તૌબા કરવાથી ગુનાહ ઓછા થઇ જાય છે. પછી કલેમન છે, એટલે ખુદાનો કલામ છે, અને ખુદાનાં વાયદાનાં કલામોને કોઇ બદલી શકયું નથી. પછી સઅફસ એટલે કયામતમાં સાઅતીસાઅ એટલે જે જે ચીઝો દુન્યામાં કરી હશે તેનો બદલો આપશે. પછી કરશત છે, એટલે સરવેનાં શરીરનાં ભાગ કબરમાં સડી ગળી જશે, અને કયામતનાં દીવસે જીવતા કરશે.

જયારે આ મુજબનાં કલામ મોઅલ્લીમે સાંભળ્યા તો જનાબે મરીયમ અ૦ને કહ્યું કે, તમારા છોકરાનો હાથ પકડીને અહીંયાથી લઇ જાઓ, કેમકે તેઓને ઇલ્મે રબ્બાની ખુદાના તરફથી ઇલમ મળેલ છે, તેઓને ઉસ્તાદની જરૂરત નથી.

# ઇમામમાં કેવી કેવી સીફાતો હોવી જોઇએ ?

ઇમામ કોઇ સામાન્ય માણસ નથી, તે ખુદાનું નુર છે, ઇમામની પયદાઇશ ઇન્સાન જેવી નથી. જો ઇન્સાન અને ઇમામ એકજ સરખા હોય તો પછી ઇમામને લોકો કેવી રિતે ઓળખી શકે ? ખુદાએ તઆલાએ ઇમામને માટે એવી અજાએબ અને મહાન ખુબીઓ અને સીફાતો રાખી છે કે તેથીજ તે ઓળખાઇ

આવે, અને કોઇપણ જો ઇમામ બનવા જાય તો બની શકેજ નહીં, અને હક શોધનાર કદી ભુલાવો ખાય નહીં, જુઓ ઇમામ અ૦માં કેવી કેવી સીફાતો હોય છે, તે અમો દર્શાવીએ છીએ, કે તેથી ઇમામની મઅરેફતમાં વધારો થશે, અને હક શોધનારને હિદાયત થશે, અને હઠધર્મી ઉપર હુજ્જત તમામ થશે.

ઇમામની સીફાતોમાંથી અમો કેટલીક સીફાતો દરજ કરીએ છીએ:—૧ ઇમામ અ૦ને પેદા કરવાનો ખુદાનો ઇરાદો થાય ત્યારે એક ફિરીસ્તાને હુકમ કરે છે તેથી તે અર્ષની નિચેથી પાણી લ્યે છે અને તે ઇમામનાં બાપને પીવરાવે છે, તે પાણી બહુજ ચોકખું પાક સાફ અને નરમ તેમજ મધ કરતા મીઠું હોય છે, બરફ કરતા પણ વધારે ઠંડુ અને દુધ કરતાંય વધારે સફેદ હોય છે ૨–એ પાણી પીધા પછીએ ઇમામની માંનાં મુબારક પેટમાં હમલ રહે છે, ૩–ચાલીસ દીવસમાં રૂહ દાખલ થવા જેવું અંગ થઇ જાય છે, તેથી તેમાં રૂહ દાખલ કરવામાં આવે છે. ૪–એ રૂહ ખુદાનાં નૂરથી પૈદા કરેલી છે. ૫–અને જે અંગ અને દીલ બનાવવામાં આવે છે તે અર્ષની તીનતથી બનાવવામાં આવે છે. ૬–માનાં પેટમાં લોકોની વાતો સાંભળે છે. ૭–ઇમામની બાજુ ઉપર એક ફિરીષ્તો "વ તમ્મત કલેમતો રબ્બેક" તે પુરી આયત લખે છે. ૮–માંનાં પેટમાં ખુદાનો ઝીકર કરે છે. ૯–અને "ઇન્ના અન્ઝલ્નાહો"નો સુરો વીગેરેની તીલાવત કરે છે. ૧૦–ઇમામને જન્મવાનો વખત થાય ત્યારે તે રાત્રે તે ઘરમાં એક નુર રવશન થાય છે, જેને તેમનાં માબાપ જુએ છે. ૧૧–તેઓનો જ્યારે પેટમાંથી બાહેર આવવાનો વખત થાય છે ત્યારે સામાન્ય સ્ત્રીનાં પેટથી જન્મ થાય તેમ તેમનો જન્મ થતો

નથી, પણ પડખામાંથી પરસેવાની જેમ બાહેર આવે છે. ૧૨–તરત કીબ્લા સામે મોઢું કરીને "શહાદતેન"નો કલ્મો પડે છે. ૧૩–અને ત્રણ વખત છીંક આવે છે. ૧૪–અને શહાદતનો કલ્મો પડયા પછી જે ફિરિશ્તો બાજુ ઉપર આયત લખી હતી તેજ ફીરિશ્તો બંન્ને ખંભાની અને બંન્ને આંખોની વચ્ચે તેજ આયત નકશ કરે છે. ૧૫–પછી અર્થથી આવાઝ આવે છે કે, "હક ઉપર કાયમ રહે કે એક અઝીમ (મહા ભારે) કામ માટે તને પયદા કરેલ છે. ૧૬–અને નીદા આવે છે કે, તું ઇમામ મખલુકાત કરતાં માનવંતા છો, મારા ભેદોનો ભંડાર છો, મ્હારા ઇલમની ખાણ છો, મ્હારી વહયનો અમાનતદાર છો, અને મારી ઝમીન ઉપર મ્હારો ખલીફો અને ઇમામ છો, મેં ત્હારા માટે અને જે જે ત્હારી સાથે મોહબ્બત રાખે તે સરવેની ઉપર મ્હારી રહમત વાજીબ કરી અને મ્હારી બેહિશ્ત આપીશ, અને મ્હારી ઇઝઝત અને જલાલની કસમ ખાઉં છું કે, જે કોઇ ત્હારી સાથે દુશ્મની કરશે તેને ખરાબમાં ખરાબ અઝાબ કરીને બાળીશ. અગરચે દુન્યામાં તેને ભલે બહોળી રોઝી આપું ૧૭–જયારે મુનાદી એ મુજબ આવાઝ આપી રહે છે ત્યારે તે ઇમામ તેનાં જવાબમાં "શહેદલ્લાહ"ની પુરી આયતની તીલાવત કરે છે. (પડે છે.) અને એ શહેદલ્લાહની આયતમાં એ સરવે બાબતોનો ઇકરાર અને શહાદત (ગવાહી) હોય છે. ૧૮–પછી હકતઆલા તે ઇમામને તમામ ઇલ્મ અવ્વલનાં અને આખરનાં અતા ફરમાવે છે. ૧૯–અને તેથી એવો અઝીમ મરતબો મળે છે કે, શબેકદર વિગેરેમા રૂહુલકોદોસ ફિરિશ્તો તે ઇમામનાં દીદાર માટે હાજર થાય

છે. ૨૦–ઇમામ પેદા થાય ત્યારે તેમને દાંત ઉગેલાજ હોય છે. ૨૧–ઇમામ ખત્ના કરેલાજ જન્મે છે. ૨૨–ઇમામનો પાયખાનો કોઇ જોઇ શકતું નથી, ૨૩–તે પાયખાનો ઝમીન ગળી જાય છે, ૨૪–પેશાબ પાયખાનામાં બદબો હોતી નથી, બલકે કસ્તુરી કરતાં વધારે ઉત્તમ ખુશબો આવે છે. ૨૫–નજાસત કે નાપાકી તેમનાંથી બાહેર પડતી નથી. ૨૬–જ્યારે ઇમામતની ગાદી ઉપર આવે ત્યારે દરેક શહેરમાં નુરનો મીનારો અને અલમ હકતઆલ્લા તેમનાં માટે ખડા કરે છે કે તે થકી ખુદાનાં બંદાઓનાં અઅમાલ તેઓ તેમાં જોઇ શકે, ૨૭–આંખથી સુવે, પણ દીલ જાગ્રત હોય છે, ૨૮–આગળની ચીઝ જુવે તેજ રિતે પાછળ જોવા વિના પાછળની ચીઝ પણ જોઇ શકે છે. ૨૯–આળસ મરડતા નથી, બગાસાં આવતા નથી. ૩૦–હ૦ રસુલ સ૦ નું બકતર તેમને બરાબર થઇ રહે છે. બીજો પહેરેતો નાનું અથવા મોટું થાય. ૩૧–અવ્વલ નંબરનાં પરહેઝગાર હોય છે. ૩૨–એવા મોઅજીઝા બતાવે છે કે કોઇપણ ખેલાડી કે હુન્નરમંદ કે કળા કે વિદ્યાવાળો ઇન્સાન કરી શકે નહીં ૩૩–નફસને તાબે જરા પણ હોતા નથી. ૩૪–ફીરિશ્તો તેમની સાથે વાતો કરે છે. ૩૫–બહુજ અક્કલવાળા હોય છે. ૩૬–જે બાબતનો હુકમ લોકોને કરે તેથી વધારે અમલ પોતે કરે છે. ૩૭–જે દોઆ માગે તે કબુલ થાય છે, પહાડને કહે તો ફાટી જાય છે. ૩૮–જે શખ્સ જે મોઅજીઝો માગે તે બતાવી શકે છે. ૩૯–તેમની પાસે નુરનો થંભ હોય છે, કે તેથી ઇન્સાનોનાં અઅમાલ જોઇ શકે છે ૪૦–ઇમામને તેમની પહેલાનો ઇમામ પોતાની પાછળ એ ઇમામ છે એમ જાહેર કરે છે. ૪૧–ઇમામની નીમણુંક લોકો કરી શકતા

નથી, બલકે ખુદા તરફથીજ તેઓ નિમાય છે. ૪૨-જે કાંઇ પુછે તેનો સંમ્પૂર્ણ જવાબ આપી શકે છે. ૪૩-ઘણી વખત પુછયા વિના પણ દીલની વાતનો જવાબ આપે છે. ૪૪-દરેક જાતની ભાષા સમજે અને જાણે છે, અને તે ભાષામાં જવાબ આપે છે. ૪૫-દરેક પશુ અને પંખી ઇત્યાદીની વાતને સમજે છે, ૪૬-મુરદાને જીવતું કરવા કોઇ અરજ કરે તો મુરદાને જીવતું કરી આપે છે, ૪૭-જુવે તેવી બિમારીને દુર કરી શકે છે. ૪૮-આંધળાને દેખતો કરી શકે છે કોઢીનાં કોઢને દુર કરી શકે છે ૪૯-પયગમ્બરને જે જે મોઅજીઝા ખુદાએ આપેલ, એ તમામ મોઅજીઝા ઇમામને પણ ખુદાએ આપેલ છે. ૫૦-હજારો લાખો માઇલ જવું હોય તો પલવારમાં જઇ શકે છે. ૫૧-ઇન્જીલ, ઝબુર, તવરૈત, ઇત્યાદી તમામ કિતાબોને તેની અસલી ભાષા અને અસલ લખાણમાં વાંચી અને સમજી શકે છે. ૫૨-તોરેત ઇન્જીલ વિગેરે તમામ કિતાબો તેમની પાસે હોય છે. ૫૩-તમામ પૈગમ્બરનાં તબરરૂંકો જેમકે હ૦ મુસા અ૦ ની લાકડી, હ૦ ઇબ્રાહીમ અ૦ નું પહેરણ, વિગેરે વિગેરે તેમની પાસે હોય છે. ૫૪-વાદળ તેમનાં તાબામાં હોય છે. ૫૫-આસમાન ઉપર જઇ શકે છે. ૫૬-ખુદાનાં ૭૨ ઇસ્મે અઅઝમ જાણે છે. ૫૭-જીબ્રાઇલ અને મીકાઇલ કરતાં વધારે મરતબાવાળો ફીરિશ્તો રૂહુલકોદોસ પણ તેમની સાથે વાતો કરે છે. ૫૮-શબેકદરમાં એ ફીરિશ્તો આવીને એ વરસમાં જે થનાર હોય છે તેની ખબર આપે છે. ૫૯-પૈગમ્બરોનો તમામ ઇલમ તેમની પાશે હોય છે ૬૦-કુરઆન ગુરહ બેદી સીત્તેર જાતનાં તેઓ જાણે છે. ૬૧-દરેક જુમ્માની રાત્રે ઇમામની અરવાહો આસમાન ઉપર જઇને અર્ષને

સાત તવાફ (ફરતા સાત ફેરા) કરીને અર્ષનાં દરેક કાએમા પાસે બબ્બે રકાત નમાઝ પડે છે. ૬૨-ઉમ્મતનાં તમામ અઅમાલ દરેક સવાર અને સાંઝ તેમજ અઠવાડીયામાં મહિનામાં તેમની સામે પેશ કરવામાં આવે છે. ૬૩-પહાડ, દરીયા, કે ભીંત ઇત્યાદી તેમનાં ઇલમની આડા આવી શકતા નથી. ૬૪-ઇમામ જે ઇરાદો કરે તે તરત થઇ જાય છે ૬૫-કોઇ ઉપર ગુસ્સો કરે તો તે ખુદાની ખુશી માટેજ હોય છે, પોતાનાં નફ્સ માટે કોઇ ઉપર ગુસ્સો કરતા નથી. ૬૬-ગુલામ કે નોકરથી ભુલ થાય તો માફ કરી આપે છે. ૬૭-તેઓ તડકે ચાલે કે અંજવાળે ચાલે પણ તેમનો પડછાયો પડતો નથી. ૬૮-બીજાને તકલીફમાં જોઇને પોતાની રાહત તજી દયે છે. ૬૯-નાણાંવાળા કે ગરીબમાં તફાવત રાખતા નથી. ૭૦-જીન્નાતનાં પણ ઇમામ છે, તેથી જીન્નાત ઇમામ પાસે આવીને હલાલ હરામ વિગેરેનાં મસાએલ વીગેરે પુછે છે, અને તેઓ તેમની તાબેદારી કરે છે. ૭૧-ઇમામને તમામ જાતનું ભુત, ભવિષ્ય, અને વર્તમાનનું ઇલ્મ હોય છે. ૭૨-દરેકના દીલની વાત જાણે છે. ૭૩-મઅસુમ એટલે તમામ નાના મોટા ગુનાહોથી પાક હોય છે. ૭૪-કોઇ બદગુમાન લઇ જાય એવું પણ કાંમ કરતા નથી. ૭૫-કોઇ પણ જાતનો અયબ હોતો નથી, જેમકે લુલો, આંધળો, કાંણો, બહેરો, ઇત્યાદી. ૭૬-ઇમામ હ૦ હાશમ અ૦ ની ઔલાદમાંથી હોય છે. ૭૭-શુરવીર હોય છે. ૭૮-કોઇ ખરાબ ધંધો કરનાર હોતા નથી. ૭૯-દીન દુન્યા બંન્ને બાબતોનું જ્ઞાન ધરાવે છે. ૮૦-સંમ્પુર્ણ સખી હોય છે ૮૧-ગરીબો પ્રત્યે સારી પેઠે દાઝ ધરાવતા હોય છે. ૮૨-મુરૂવ્વત, હિમ્મત, વિગેરે તમામ

સીફાતોમાં કમાલ હોય છે. ૮૩–બખીલ હોતા નથી. ૮૪– અસબ્ય હોતા નથી. ૮૫–રહીમ હોય છે. ૮૬–હીસ (લોભવાળા) હોતા નથી. ૮૭–ખુદા પાસે માનવંતા હોય છે. ૮૮–પહેલા નંબરનાં આબીદ હોય છે. ૮૯–ઇમામોનાં ઘરમાં ફીરિશ્તા આવે જાય છે. ૯૦–ઇમામ જો કે બાતીનની વાત જાણે છે છતાં ઘણે ભાગે જાહેર ઉપર અમલ કરે છે. ૯૧–આખીદુન્યામાં જે જે બનાવો બને છે તેથી તેઓ વાકેફ હોય છે. ૯૨–તાવીલની રૂએ ઓલમાઓએ પણ સાબીત કર્યું છે કે, કયામત થશે ત્યારે ખુદા તમામ ચીઝને ફના કરશે, પણ બાર ઇમામ તથા જનાબે રસુલે ખુદા સ૦ તથા જનાબે ફાતેમા અ૦ મળી ચૌદ મઅસુમ અ૦ ને ફના નહીં કરે. ૯૩–ઇમામને ઇન્સાન કાંઇપણ તઅલીમ કરેજ નહીં અને એવી કોઇ મકતબમાં જવાની રિવાયત એકાદ આવી તે મોઅતેબર નથી; અને તેનાં કેટલાક ખુલાસા છે. ૯૪–ઇમામ ઝમીન આસમાનનું લંગર, છે, જો તેઓ દુન્યામાં ન હોય તો દુન્યા હલાક થઇ જાત. ૯૫–ઇમામો હ૦ મોહમ્મદ સ૦ સિવાય તમામ નબીયોથી પણ અફઝલ છે. ૯૬–ઇમામને ઇમામ ગુસલ આપે છે. ૯૭–તેમજ ઇમામની મઇય્તની નમાઝ ઇમામ પડે છે. ૯૮–કફન પણ ઇમામ પેરાવે છે ૯૯–દફન પણ ઇમામ કરે છે. ૧૦૦–ઇમામ પુર્વમાં વફાત પામે અને તેમની પાછળ થનાર ઇમામ પશ્ચીમમાં હોય તો ત્યાંથી તરત આવીને તમામ ક્રીયા કરે છે.

હાંસલ કલામ ઇમામો અ૦ નાં અહવાલ એવા અજાએબ છે કે, ખલકતમાંનાં ઘણાંઓની અક્કલ પહોંચી શકતી નથી, એ અજાએબ અહવાલ અને છુપા ભેદને તો કોઇ જાણીજ શકતું

નથી, બલકે સાંભળવાની પણ શક્તિ ધરાવતું નથી. હા જો તેમના અજાયબ ફઝાએલ સાંભળવાની શકિત રાખે છે તેઓ મુકર્રબ મલાએકા, અને મુરસલ પૈગમ્બરો, અને એ ખાલીસ મોઅમેનીન કે જેમનાં દીલનું અલ્લાહ તઆલાએ ઇમતેહાન લીધું હોય, અને તેનાં દીલને નુરે ઇમાનથી મોતુવ્વર કરેલ હોય તેઓ છે.

# ઇમામ કેટલા છે?

ખુદાવદે તઆલાએ કુરઆને શરીફનાં સુરએ નેસાની ૫૯મી આયતમાં ફરમાવ્યું છે કે. **યા અય્યોહલ્લઝીન આમનુ અતી ઉલ્લાહુ વઅતીઉર્રસુલ વઓલ્લીઅમરે મીનકુમ"** એટલે "ઇમાનવાળાઓ તાબેદારી કરો અલ્લાહની, અને તાબેદારી કરો રસુલની, અને ઓલીલ્અમ્ર એટલે હુકમવાળાઓની." તો જાબીર ઇબ્ને અબ્દુલ્લાહ અનસારીએ અરજ કરી કે, યા રસુલલ્લાહ! અમો અલ્લાહ અને તેનાં રસુલને ઓળખીએ છીએ, પણ 'ઓલીલ્અમ્ર" કોણ છે? તે જાણતા નથી. તો આપે ફરમાવ્યું કે, મારી બાદ મારા બાર **વસી** અને **ખલીફ** છે, અન તેઓ તમામ મુસલમાનોનાં ઇમામ છે, તેઓમાંનાં પહેલા અલી ઇબ્ને અબીતાલેબ છે, અને તેઓ પછી હસન, તેઓ પછી હુસેન, તેઓ પછી અલીતયુબ્નુલ હુસેન, તેઓ પછી મોહમ્મદ ઇબ્ને અલી કે જેઓનું વરેતમાં નામ બાકર છે, અને એ જાબીર! તમે તેઓના ઝમાના સુધી જીવતા રહેશો, માટે જ્યારે તમો તેઓની મુલાકાત કરો ત્યારે

તેઓને મારા સલામ કહેશો; તેઓ પછી જઅફરે સાદીક બીન મોહમ્મદ છે, તેઓ પછી મુસા બીન જઅફર, તેઓ પછી અલી ઇબ્ને મુસા, તેઓ પછી મોહમ્મદ ઇબ્ને અલી, તેઓ પછી અલી ઇબ્ને મોહમ્મદ, તેઓ પછી હસન ઇબ્ને અલી, તેઓ પછી મારા નામેરી છે, કે તેઓ દુન્યામાં હુજજતે ખુદા થશે, તેઓ પોતાનાં શીઆઓથી ગાએબ રહેશે અને તેઓની ઇમામતનો એજ શખ્સ ઇકરાર કરશે કે જેનું ઇમતેહાન ખુદાએતઆલા ઇમાન સાથે લઇ ચુકયો હશે, તેઓ બાકી રહેશે અને તેઓના હાથથી મશરીકથી મગરીબ એટલે તમામ દુન્યા ફતેહ થશે.

અને સુરએ તવબાની ૩૬ મી આયતમાં ફરમાવ્યું છે કે **"ઇદ્દહતશ્શોહુરે ઇન્દલ્લાહીસ્નાઅશર શહરા, ફી કિતાબીલ્લાહે યવમા ખલકસ્સમાવાતે વલ્અર્ઝ, મીન્હા અર્બઅતુમ હોરોમ ઝાલેક દીનુલ્કૈયીમ, ફલા તઝલેમૂ ફી હિન્ન અન્ફોસકુમ, વ કાતેલુલ્લ મુસરેકીન કાફ્ફતન કમા યોકાતેલુન કુમ કાફ્ફતીન વઅલમૂ અન્નલ્લાહ મઅલ્મુત્તકીન."** એટલે "અલ્લાહ બાર (બાર ઇમામ) મહાન આલીમ મુકરર કર્યા છે અને તે અલ્લાહની કિતાબ એટલે લવહે મહફુઝમાં આસમાન ઝમીન પૈદાકરી ત્યારથી દરજ કરેલ છે, અને એ બારમાં ચાર હુરમતવાળા છે, અને તેઓથા દીન કાયમ અને મઝબુત છે, માટે તેઓ વિષે તમો પોતાનાં નફસ ઉપર ઝુલ્મ કરશો નહીં, અને જેવી રિતે મુશરેકો એકઠા થઇને જંગ કરે છે તે પ્રમાણે તમો એકઠા થઇને જંગ કરો અને જાણો કે, ખરેખર પરહેઝગારોની સાથે અલ્લાહ છે."

આમાં આવ્યું કે, તેઓ (બાર ઇમામો) વિષે પોતા ઉપર ઝુલ્મ કરો નહીં, તેથી સાફ જાહેર થયું, કે એ બાર ઇમામોની નાફરમાની કરવી તે પોતા ઉપર ઝુલ્મ કરવા સમાન છે. અને જેમ મુશરીકો સંપ કરીને જંગ કરે છે, તેમ તમો પણ એ ઇમામોનાં હુકમથી સંપ કરીને જંગ કરો.

શહર શબ્દનો અર્થ મહીના તથા મહાન આલીમ થાય છે, તેથી એ આયતમાં જાહેરી અર્થ મહીના લખવામાં આવેલ છે. પણ તફસીરે બુર્હાન વી. માં તેની તાવીલ એમ છે કે એ શહર બાર ઇમામ છે. કારણકે મહાન આલીમ બાર ઇમામો અ. જ છે. તો એ શહેર (મહીના)થી મુરાદ બાર ઇમામ છે કે ખુદા ફરમાવે છે કે મેં આસમાન જમીન પૈદા કર્યાં ત્યારથી લૌહે મહફુઝમાં લખેલ છે કે ઇમામ બાર છે, અને તેમાં ચાર હુરામ એટલે "હુરમતવાળા" છે, અને એજ બારથીજ "દીન" કાયમ છે. ચાર હુરમતવાળા છે તેથી મતલબ કે ખુદાએ પંજેતને પાક માટે પાંચ નામ પોતેજ મુકર્રર કરેલ છે, તેમાંથી ચાર નામ પોતાના એ નામમાંથી કાઢયા કે જે નામ ગુણદર્શક છે, એટલે ખાસ નહીં પણ સીફ્ત (ગુણ) છે. જેમકે રહીમ–કરીમ. એટલે રહમ કરનાર–મહેરબાની કરનાર અને "અલ્આલી" એટલે મહા મોહટા મરતબાવાળો તે ખાસ નામ છે.

તો પંજેતને પાકમાંનાં ચાર બુઝુર્ગોનાં નામ પોતાનાં સીફ્તવાળા નામમાંથી કાઢીને રાખ્યા, અને હઝરત અલી અ૦ નું નામ પોતાનાં અલ્આલી નામમાંથી અલી રાખ્યું. જેમકે સુન્નત જમાતનાં પીરાને પીર જનાબ શેખ અબ્દુલ્કાદર જીલાની સાહેબે અબુ હુરેરા સુધી સનદ પહોંચાડીને એક હદીસ લખી છે કે, અબુ હુરેરાએ

હ૦ રસુલે ખુદા સ૦ ને ફરમાવતા સાંભળ્યું કે, જ્યારે હકતઆલાએ હઝરતે આદમ અ૦ ને પૈદા કર્યા, અને તેઓનાં અંગમાં રૂહ ફુંકી તો જનાબે આદમે અર્શની જમણી બાજુએ જોયું કે, પાંચ પાક-તનનાં નુર રૂકુઅ અને સીજદા કરી રહયા છે. આદમે અરજ કરી ઓ મારા પરવરદીગાર ! શું તેં મારી પહેલે કોઇને માટીથી પૈદા કરેલ છે? ખુદાવંદે કરીમે જવાબ આપ્યો કે નહીં તે વખતે આદમે પુછ્યું કે, આ કોણ બુઝુર્ગો છે? કે જેઓને મારી શીકલ અને સુરતમાં જોઉં છું. ખુદાએ ફરમાવ્યું, આ તારી ઓલાદમાં થનાર પાંચ નુર છે; પણ તેઓને પૈદા કર્યાં તેમ તેઓને બનાવ્યા નથી; અને તેઓને મેં મારા નામમાંના પાંચ નામ કાઢી આપ્યા છે, અગર આ ન હતે તો હું જન્નત દોઝખ અર્શ કુરશી આસમાન, ઝમીન, ફિરીશ્તા. જીનાત, ઇન્સાનો વિગેરે ચીઝોને પૈદા ન કરતે. ઓ આદમ! જાણ કે હું (મારૂં નામ) મહમુદ છું, અને આ (નું નામ) મોહમ્મદ છે; હું (મારૂં નામ) આલી છું, અને આ (આનું નામ) અલી છે; હું ફાતીર છું, અને આ ફાતેમહ છે; હું એહસાન છું, અને આ હસન છે; હું મોહસીન છું, અને આ હુસેન છે. મને મારી ઇઝઝતની કસમ છે, જે કોઇ રાઇનાં દાણા જેટલો પણ તેઓની સાથે બુગ્ઝ રાખીને મારી પાસે આવશે; તો હું તે શખસને જરૂર દોઝખમાં દાખલ કરીશ; અને મને તેની કાંઇપણ પરવા નહીં હોય. ઐ આદમ! આ મારા માનવંતા છે, હું તેઓનાં સબબથી ઘણાં લોકોને હલાક કરીશ; જ્યારે તને કાંઇ હાજત પેશ આવ્યા કરે ત્યારે તેઓની ઝાત થકી મ્હારી જનાબમાં વસીલો લીધા કર. પછી એ હઝરત ફરમાવતા હતા કે, અમે નજાતની

રકષ્તી છીએ જેણે આ કિશ્તીની સાથે પોતાનો ઇલાકો રાખ્યો તે નજાત પામશે, અને જે તેથી મોઢું ફેરવશે તે હલાક થશે. તો જે કોઇને ખુદા પાસે પોતાની હાજત રવા કરાવવી મંજુર હોય તેને જોઇએ કે, ખુદાની દરગાહમાં અમો એહલેબેતનો વસીલો લઇ જાય

હાસલ કલામ ખુદાએ બાર ઇમામ મુકરેર ફરમાવ્યા, તેમાં ચાર ઈમામનાં નામ અલી છે. પહેલા ઈમામ ચોથા ઈમામ, આઠમાં ઇમામ, તથા દસમાં ઇમામ તેથી ખુદા ફરમાવે છે કે, એ બારમાં ચાર હુરમતવાળા છે. એટલે ખાસ મ્હારા નામમાંથી નામ ધરાવનાર છે, વી૦ અને છેલ્લે ખુદાએ ફરમાવ્યું કે, એ બારથી દીનનું કાયમપણું છે, તો અગરએ જાહેરી માયના મહિનાનો લઇએ, તો તે હિસાબ ગણવા માટે સગવડ જેટલાજ છે, પણ તેથી દીનનું કાયમપણું શું છે? મહિનાઓમાં એટલી શું તાકાત કે સીફાત છે કે દીન કાયમ રાખી શકે? પણ એ મહિનાથી બાર ઇમામો છે, કે તેમનાંથીજ દીન કાયમ છે.

આ વિષે કોઇ એઅતેરાઝ કરે કે, જાહેરી માયનાં મુકીને બીજા તાવીલી માયના શા માટે લેવા?! તો જાણવું કે, ખુદાએ કુરઆનમાં ફરમાવ્યું છે કે "**વલા રતબન વલા યાબેસીન ઇલ્લા ફી કેતાબીમ મોબીન**" એટલે તમામ સુકી અને લીલી ચીઝ કુરઆનમાં છે, અને તેથીજ એકકે આયતનાં સીત્તેર સીત્તેર અર્થ થાય છે. અને એ અર્થ દરેક સામાન્ય ઇલ્મ જાણનાર આલીમ જાણી શકતો નથી, પણ એક બુઝુર્ગવારો કે જેઓને ખુદાએ તાવીલ ઇલ્મ અતા ફરમાવેલ છે, જેમકે તે વિષે ખુદા કુરઆનમાં સુરએ આલે ઇમરાનની ૯ મી આયતમાં

ફરમાવે છે કે, "વમા યઅલમો તઅવીલહુ ઈલ્લલ્લાહો વર્રાસેખુન ફિલ્ઈલ્મ" એટલે "તેનાં ગુઢ ભેદવાળા કલામની તાવીલ કોઇ જાણતું નથી, પણ અલ્લાહ તથા એ બુઝુર્ગો કે જેઓ ઇલ્મમાં સંપુર્ણ પ્રવિણ અને કામીલ છે.

અને ઇલ્મમાં કામીલ ચૌદ મઅસુમ અ૦ સીવાય બીજું કોઇ નથી અને તે સર્વ ઇસલામી માન્ય રાખે છે તોપણ ટુંક એકે સુન્નત જમાતની કિતાબ "મજમઉલ બહરૈન"માં લખે છે કે "રાસેખુન ફીલ્ઇલ્મ"થી મુરાદ બાર ઇમામ છે અને તેનાં ટેકામાં તેમની મશહુર "તવારીખે બગવી" પેજ ૧૪૬ માં અને "નૈશાપુરી" પેજ ૨૯૯ માં, અને "તારીખુલ્ખોલફા" પેજ ૧૭ માંનો હવાલો આપે છે કે તેમાં લખ્યું છે કે રાસેખુન ફીલ્ઇલ્મ (ઇલ્મમાં પ્રવિણ અને કામીલ)ની જે તાઅરીફ લખી છે તે તઅરીફ કે જે બંધબેસતી છે તે દરેક અકલમંદ સમજી શકે છે કે તે બાર ઇમામ છે તેમની કિતાબ "ઇઝાલતુંલ ખીફા"માં સઇદ બીન મુસય્યબથી હદીસ છે કે, હ૦ ઊમર ખત્તાબ સાહેબ કહ્યા કરતા હતા કે હે અલ્લાહ! એવો ઝમાનો ન આવે કે મારી પાસે મુશ્કીલકુશા અલી અ૦ ને હોય, કેમકે એવે વખતે હું તેમની પાસે પનાહ લઇ જાઉં છું.

સહીહ તીરમીઝી, હુલ્યતુલ્ઔલીયા, મુસતદરકે હાકીમ, સવાએકે મોહરકા વીગેરે સુન્નત જમાતની કિતાબોમાં લખેલ છે કે 'અમીરૂલ્મોઅમેનીન હ૦ અલી અ૦થી મરવી છે કે, હ૦ રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે, "અના મદીનતુલ્ઇલ્મવ અલીય્યુન બાબોહા ફમન અરાદલ ઈલ્મ ફલ્યાઅતિલ્બાબ." એટલે હું ઇલ્મનું શહેર છું. અને અલી તેનો દરવાજો છે, તો જે કોઇ ઇલ્મ મેળવવાનો ઈરાદો કરે તેને જોઇએ કે, શહેરનાં દરવાજામાંથી આવે." મતલબ એ કે

ખુદાએ ફરમાવ્યું કે "વઅલતુલબોયુત મીન અબ્વાબેહુ" એટલે "ઘરોમાં તેનાં દરવાજાઓમાંથી આવો." ખુલાસો એ કે, જેમ જ્યાં સુધી દરવાજામાંથી દાખલ" ન થાય ત્યાં સુધી ગામ કે ઘરમાં દાખલ થવાતું નથી તેમજ જ્યાં સુધી અલીની પાસે ન જાય ત્યાં સુધી રસુલ સ૦ સુધી પહોંચી શકાતું નથી.

જ્યારે કુરઆને શરીફથી, શીઆહ તેમજ સુન્નીની કિતાબોથી બાર ઇમામો અ૦ હક અને ખરા ઇમામ ખુદા તરફથી નિમાએલ હોવાનું અલ્હમ્દોલીલ્લાહ સંપુર્ણ સાબીત કરી આપ્યું, ત્યારે હવે આપણા ભાઇઓ સુન્ન વલ્જમાઅતની કિતાબોથી બાર ઇમામો અ૦ની વધારે સાબેતી કરીએ કે, કદાચ કોઇને શક હોય તો દુર થઇ જાય.

# સુન્નત જમાઅતની કિતાબોથી બાર ઇમામની સાબેતી.

૧–સુન્નત જમાતની કિતાબ મનાકિબમાં છે કે, જન્દલ યહુદીએ હ૦ રસુલેખુદા સ૦ ની ખિદમતમાં અરજ કીધી કે, યા રસુલલ્લાહ ! મને બતાવો કે, એવી કઇ વસ્તુ છે કે, જે ખુદાવંદે તઆલા માટે ન હોય ? અને એકઇ ચીજ કે તેની પાસે નથી અને એવી કઇ વસ્તુ છે કે, જેને ખુદાવંદે તઆલા જાણતો ન હોય ? હ૦ રસુલેખુદા સ૦ મે ફરમાવ્યું કે જે વસ્તુ ખુદાવંદે તઆલા માટે નથી તે જાણ કે ખુદાવંદે તઆલા માટે તેનો કોઇ શરીક

નથી; અને જે વસ્તુ તેની પાસે નથી, તે ઝુલ્મ છે કે, તેની પાસે બંદાઓ માટે ઝુલ્મ નથી અને એ વસ્તું કે જેને ખુદાએ તઆલા જાણતો નથી એ તમારો કોલ (કહેવું) છે કે, તમો યહુદીયો કહોછો કે, હ૦ ઔઝૈર ખુદાના પુત્ર હતા અને ખુદાવંદે તઆલા તેઓ તેના પુત્ર હોય એમ જાણતો નથી બલકે તે તેમને પોતાનો પૈદા કરેલ એક બંદો જાણે છે. એ સાંભળીને જન્દલ યહુદીએ શહાદતેનનો કલેમો જારી કીધો. અને શુદ્ધ અંતઃકરણથી મુસલમાન થઇ ગયો. મુસલમાન થયા પછી તેણે અરજ કીધી કે યા રસુલુલ્લાહ સ૦ ! મેં ગઇ કાલે હઝરતે મુસા અ૦ ને સ્વપ્નામાં જોયા હતા તેઓએ મને ફરમાવ્યું હતું કે અય જન્દલ ! તું હ૦ મોહમ્મદે મુસ્તફા સ૦ પર ઇમાન લાવ અને ઇસલામ કબુલ કર અને તેમની બાદ તે હઝરતના ઔસીયાએ હક્કાની પેરવી કર. મેં અરજ કીધી કે, યા મુસા કલીમુલ્લાહ ! હું ઇમાન લાવી મુસલમાન થઇશ, તો અલ્હમ્દો લિલ્લાહ મને હિદાયત કરવામાં આવી, અને હું મુસલમાન થયો તો યા રસુલુલ્લાહ ! આપનાં એ અવસીયા અ૦ કોણ છે ? તેની મને ખબર આપો કે, હું તેમની પૈરવી કરી શકું.

હઝરતે રસુલ અકરમ સ૦ મે ફરમાવ્યું કે, મ્હારા બરહક ઓરશીયા અને જાનસીન બાર છે. જન્દલે અરજ કીધી કે, યા રસુલુલ્લાહ ! તવરેતમાં પણ અમે એજ મુજબ વાંચેલું છે. તેમનાં નામ શું છે? હઝરતે ફરમાવ્યું કે, મ્હારા અવસીયામાંથી સરવેથી પહેલા અબુલઆઇમ્મહ (ઇમામોનાં બાપ) અમીરૂલ્મોઅમેનીન હ૦ અલી ઇબ્ને અબીતાલીબ અ૦ છે, તેમની બાદ તેમનાં બે ફરઝંદો હ૦ ઇમામે હસન અને હ૦ ઇમામે હુસૈન અ૦ છે તો એ જન્દલ !

તું તેમની પૈરવી કર, અને તારી હાલતને ખ્વાહીશોથી મગરૂર થવા ન દે જે. ત્યાર બાદ હ૦ ઇમામે ઝેનુલ્આબેદીન અ૦ જન્મ પામશે, અને તારૂં દુન્યામાં આખર ખાતું લબનનો શરબત છે. જન્દલે અરજ કીધી કે, તવરાતમાં અને બીજી આકાશી કિતાબોમાં અમે એમજ વાંચ્યું છે આપનાં અવસીયાઓમાંનાં પહેલાનું નામ એલીયા, તેમની બાદ શબ્બર, અને તેમની બાદ શબ્બીર છે, તો તેઓ અલી, હસન, અને હુસેન અ૦ થયા.

પછી હઝરતે રસુલે ખુદા સ૦ એ ફરમાવ્યું કે, હઝરતે ઇમામે હુસેન અ૦ ની જીંદગાનીનાં દીવસો પુરા થશે ત્યારે તેમની બાદ તેમનાં ફરઝંદ અલીમુલક્કબ ઝેનુલ્આબેદીન અ૦ ઇમામ થશે, અને ત્યાર પછી તેમનાં ફરઝંદ મોહમ્મદ મોલકકબ બાકર અ૦ ઇમામ થશે ત્યાર પછી તેમનાં ફરઝંદ જઅફર મોલક્કબ સાદીક અ૦ ઇમામ થશે, તેમની બાદ તેમનાં ફરઝંદ મુસા મોલકકબ કાઝીમ અ૦ ઇમામ થશે, તેમની બાદ તેમનાં ફરઝંદ અલી મોલક્કબ રઝા અ૦ ઇમામ થશે, તેમની બાદ તેમનાં ફરઝંદ મોહમ્મદમોલક્કબ તકી વ ઝકી અ૦ ઇમામ થશે તેમની બાદ તેમનાં ફરઝંદ અલી મોલક્કબ હાદી અને નકી અ૦ ઇમામ થશે, તેમની બાદ તેમનાં ફરઝંદ હસન મોલકકબ અસકરી અ૦ ઇમામ થશે, અને તેમની બાદ તેમનાં ફરઝંદ મોહમ્મદ મોલકકબ મેંહદીયે મવઉદ (વાયદો અપાએલ મેંહદી) ઇમામ છે, તેમનેજ કાયમે આલે મોહમ્મદ અને હુજ્જતુલ્લાહ પણ કહે છે, તે હઝરતે મેંહદી અ૦ નાં નામને અને તેમનાં લકબને બ્યાન ફરમાવ્યા બાદ કહ્યું કે, તેઓ ગયબ થઇ જશે, અને એક મુદ્દતની બાદ ખુરૂજ

અને ઝુહુર ફરમાવશે અને ખારી મીઠી પ્રથ્વીને અદલ અને ઇન્સાથી ભરી દેશે; જેવી રિતે ગેરઇન્સાફ અને ઝુલ્મથી ભરાઇ ગઇ હશે, એ શખ્સોને ખુશખબરી થાઓ કે જેઓ તે જનાબની ગૈબતનાં ઝમાનામાં સબર કરે અને તેઓની મોહબ્બત અને મોયદ્દતનાં ઉપર કાયમ રહે અને અલબત્તાં એવા શખ્સોની ખુદાએ તઆલાએ કુરઆને શરીફમાં તઅરીફ કીધી છે. જેમકે ફરમાવ્યું છે કે, “ યોઅમેનૂન બિલ્ગૈબ ” એટલે જેઓ ઇમાન લાવ્યા ગૈબની સાથે.

પછી જન્દલે કહ્યું અલ્હમ્દોલિલ્લાહ મેં તમને ઓળખ્યા ત્યાર પછી જન્દલ હઝરત ઇમામે ઝેનુલ્આબેદીન અ૦ નાં ઝમાના સુધી ઇસલામમમાં એશ કરતો રહયો, પછી તાએફમાં ગયો, અને ત્યાં બિમાર પડયો અને લબનનું (દુધનું) શરબત પીધું હઝરતે રસુલે ખુદા સ૦ મે જયારે તે ઇસલામ લાવ્યો ત્યારે જે ભવિષ્યવાણી ભાખી હતી તે તેને યાદ આવી, અને તે ખુદાની રેહમતે પહોંચ્યો અને તાએફમાં ઉજારા નામની જગ્યાએ દફન કરવામાં આવ્યો, ખુદા તેનો હશર હઝરતે રસુલે ખુદા સ૦ અને અઇમ્મએ તાહેરીન અ૦ ની સાથે કરે

૨—સુન્નત જમાતનાં આલીમ અબુ મોહમ્મદ અબ્દુલ્લાહ બીન ઇસહાક અબ્દુલઅઝીઝ ખુરાસાનીય સહર ખુશ્કથી, અને તેણે સલમાને ફારસીથી રિવાયત કરી છે કે, અમો હ૦ રસુલેખુદા સ૦ ની પાસે હતા, અને ઇમામે હુસેન અ૦ તેઓનાં ખોળામાં બેઠા હતા, આપે તેઓનો ચેહરો બરાબર નજર કરીને જોઇને ફરમાવ્યું કે, તું સરદારોમાંનો સરદાર છે, અને ઇમામોમાંનો ઇમામ, તું નવ ઇમામનો બાપ છો, કે તે નવમો કાયમ બહક અને અઅદલ અને અહકમ અને અફઝલ છે.

૩–સુન્નત જમાતનાં આલીમ મુલ્લા અબદુર રહમાન જામીએ "શવાહેદુન્નબુવ્વહ"માં લખ્યું છે કે, રાવી કહે છે કે, હું અબુ મોહમ્મદ (ઇમામે હસન અસકરી) અ૦ ની પાસે ગયો, અને અરજ કરી કે, ઇબ્ને રસુલલ્લાહ ? આપ પછી ખલીફો અને ઇમામ કોણ થશે ? આ સાંભળીને આપ અંદર ગયા, અને એક ત્રણ વર્ષનાં બચ્ચાને ખંભા મુબારક ઉપર ઉપાડીને લાવ્યા, કે તેઓનો ચેહરો પુનમનાં ચંદ્ર જેવો હતો, આપે ફરમાવ્યું, એ શખસ ! અગર ખુદાની પાસે ત્હારી કદર નહતે તો હું તને આ બચ્ચું બતાવત નહીં, આનું નામ એજ છે કે, જે નામ રસુલેખુદા સ૦ નું છે અને કુન્નીય્યત પણ એ છે કે, જે હ૦ રસુલ સ૦ ની છે; અને ઝમીન અને અદલ અને ઇન્સાફથી ભરી દેશે તે આ એજ છે.

૪–એજ મુલ્લા જામીએ રિવાયત કરી છે કે, રબીઅ કહે છે કે, હું હ૦ અબુ મોહમ્મદ (ઇમામે હસન અસકરી અ૦) ની ખીદમતમાં હાજર થયો, આપનાં ડાબા હાથ તરફ એક ઘર હતુ, તેનાં દરવાજા ઉપર પરદો પડેલો હતો, તે વખતે મેં અરજ કરી કે, યા મૌલા ! આપની પછી સાહેબુલ્અમ્ર (ઇમામ) કોણ થશે ? ફરમાવ્યું કે, એ પરદો ઉંચો કર. મેં પરદો ઉંચો કર્યો એટલે એક નાનું બાળક બહુજ પાક સાફ નિકલ્યું, તેનાં ગાલ ઉપર તલ હતો, માથાનાં બાલ છુટેલા હતા, આપનાં ખોલામાં આવીને બેસી ગયા, તે વખતે ઇમામે ફરમાવ્યું કે, મ્હારી પાછળ આ ઇમામ છે; સાહેબુલ્અમ્ર આ છે, તે પછી એ સાહેબુલ્અમ્ર ઉઠયા, આપે ફરમાવ્યું કે, એ ફરઝંદ ! માલુમ વખત સુધી અંદર જાઓ. હું જોતો રહયો, અને તેઓ અંદર ચાલ્યા ગયા, પછી ઇમામ મને

ફરમાવ્યું કે, એ ઘરની અંદર જઇને જો કે અંદર કોણ છે? હું અંદર ગયો તો ઘર ખાલી હતું, ઘરની અંદર કોઇ પણ ન હતું.

૫–સુન્નત જમાતનાં આલીમ ઇબ્ને ખશ્શાબ બગદાદીએ પોતાની કિતાબ "મવાલેકુલ અઇમાહ"માં સનદ સાથે ઇમામે રઝા અ૦ થી રિવાયત કરી છે કે, આપે ફરમાવ્યું કે, ખલફે સાલેહ મેંહદી અને સાહેબુઝઝમાન તે અબુમોહમ્મદ હસન બીન અલી અ૦ નાં ફરઝંદ છે.

૬–સુન્નત જમાતનાં આલીમ શૈખુલઇસ્લામ ઇબ્રાહીમ બીન મોહમ્મદ હમવયનીએ "ફરાએદુસ્સમતૈન"માં રિવાયત કરી છે કે, એક શખસે ઇમામે રઝા અ૦ ને પુછ્યું કે, આલે મોહમ્મદનાં કાયમ કોણ છે? તો આપે ફરામાવ્યુ કે, મારી ઔલાદમાંથી ચોથો ફરઝંદ એટલે પૌત્રાનો પૌત્રો, કે તેઓ થકી ખુદા ઝમીનને ઝુલ્મ અને સીતમથી પાક કરશે, અને તે એજ છે કે જેની વિલાદતમાં લોકો શક કરશે, અને તે એજ છે કે જે ગાયબ રહયા પછી જાહેર થશે.

૭–અને એમ પણ રિવાયત કરી છે કે, ઇમામે રઝા અ૦ મે દઅબીલને ફરમાવ્યું કે, મ્હારી બાદ મ્હારો ફરઝંદ મોહમ્મદ તકી અ૦ ઇમામ છે, તેની બાદ તેમનાં ફરઝંદ અલી (નકી અ૦) ઇમામ છે, તેની બાદ તેનાં ફરઝંદ હસન (અસકરી અ૦) ઇમામ છે, અને તેમની બાદ તેમનાં ફરઝંદ હુજ્જતે કાયમ હઝરત મેંહદી સાહેબુઝઝમાન અ૦ ઇમામ છે. જેનાં ગાયબ હોવાથી લોકો ઇન્તેઝાર કરશે; (વાટ જોશે, કે ક્યારે જાહેર થાય.) અને જાહેર થશે ત્યારે લોકો તાબેદારી કરશે.

૮–સુન્નત જમાતનાં આલીમ મોહમ્મદ ઇબ્ને અહમદ ખ્વારઝમીએ પોતે લખેલી "મનાકેબ" નામની કિતાબમાં સલમાને મોહમ્મદીથી રિવાયત કરી છે, તે કહે છે કે, એક વખત હઝરતે રસુલેખુદા સ૦ ની ખીદમતમાં હું હાજર થયો, એ વખતે ઇમામે હુસેન અ૦ આપનાં ખોળામાં બેઠા હતા, આપ આંખો ઉપર ચુમન કરતા હતા, અને ફરમાવતા હતા કે, તું છો સરદાર; ફરંઝંદ સરદારનો; બાપ સાદાતનો; તું છો ઇમામ; દીકરો ઇમામનો; ભાઇ ઇમામનો; અને બાપ ઇમામનો; તું છો હુજ્જત; ફરઝંદ હુજ્જતનો; બિરાદર હુજ્જતનો; બાપ નવ હુજ્જતનો: કે જે તારી નસલથી થશે. અને એ નવમો કાયમ **મુનતઝીર** છે.

૯–ઇબ્ને શહરે આશુબે સુન્નત જમાતની કિતાબોથી અબ્દુલ્લાહ બીન મસઉદથી રિવાયત કરી છે કે, તે કહે છે, મેં હઝરતે રસુલે ખુદા સ૦ પાસેથી સાંભળ્યું કે મ્હારી બાદ બાર ઇમામ થશે, તેમાં ઇમામ હુસેન અ૦ ની **ઔલાદમાં** નવમો છે તે **મેંહદી** છે.

૧૦–સુન્નત જમાતની કિતાબ "મનાકિબ"માં લખ્યું છે કે, મદીનાનો એક યહુદી હ૦ અમીરૂલ્મોઅમેનીન અ૦ની ખીદમતમાં હાજર થયો, અને અરજ કરી કે, મ્હારે કેટલાક સવાલ પુછવાનાં છે, જેનાં જવાબ ચાહું છું, હઝરતે અલી અ૦ મે ફરમાવ્યું, અગર હું તેનાં જવાબો આપું તો શું તું મુસલમાન થઇશ? તેણે કહ્યું ખુદાની કસમ તેજ વખતે મુસલમાન થઇ જઇશ. પછી હઝરત અલી અ૦ મે ફરમાવ્યું સવાલ પુછ. જે કાંઇક ચાહે; તેથી યહુદીએ એક કિતાબ કાઢી અને કહ્યું કે આ કિતાબ હઝરતે હારૂન અ૦ થી મ્હારા બાપ દાદાનાં હાથમાં આવતાં આવતાં મુજ સુધી વીરસામાં આવેલી છે,

તે હઝરતે મુસા અ૦ મે લખાવી છે અને હ૦ હારૂને લખી છે, એટલે સુધી કે અત્રે સુધી પહોંચી છે, તો એ અલી અ૦। મને ખબર આપો કે આ ઉમ્મતમાં નબીનાં પછી કેટલા ઇમામ અને ખલીફા છે? અને વળી હઝરતે મોહંમદ સ૦ ને જન્નતમાં કયાં મનઝીલ મળશે?? અને વળી હઝરતે મોહંમદ સ૦ ની સાથે રહે-નાર કોણ હશે??? હઝરતે અલી અ૦ મે ફરમાવ્યું કે આ મહુંમા ઉમ્મતમાં બાર ઇમામ થશે, મુખાલીફો (વિરોધીઓ) તેમનાંથી વિરોધ કરશે, તો તેમનો વિરોધ તેમને એટલે ઇમામોને કાંઇ નુકશાન નહીં પહોંચાડે અને જન્નતમાં હ૦ મોહંમદ સ૦ ની મનઝીલ જન્નતે અદનમાં છે, અને તે જગ્યા જન્નતની ચચ્ચોચ્ચ આવેલી છે અને તે કરતાં બેહતર એ છે કે તે ખુદાનાં અર્ષની પાસે છે. અને જે લોકો હઝરતે મોહંમદ સ૦ ની સાથે જન્નતમાં રહેશે તે એજ અઇમ્મએ અતહાર અ૦ છે કે તેઓમાંનો પહેલો હું (અલી ઇબ્ને અબીતાલીબ અ૦) છું, અને અમારામાંના છેલ્લા મેંહદી અ૦ છે અને તે મારા ફરઝંદ અબી અબદીલ્લાહીલ હુસેન અ૦ ની ઔલા-દમાંથી છે. આ સાંભળીને તે યહુદી મુસલમાન થયો.

૧૧–સુન્નત જમાતના આલીમ ઇબ્ને માજાએ હઝરતે રસુલે ખુદા સ૦ ની બીબી જનાબે ઉમ્મે સલમાથી નકલ કીધી છે કે જનાબે ઉમ્મે સલમાએ ફરમાવ્યું કે હ૦ રસુલેખુદા સ૦ મે પોતાની મુબારક ઝબાનથી એમ ફરમાવેલ મેં સાંભળ્યું છે કે હ૦ ઇમામે આખેરૂઝઝમાન, સાહેબુલઅસ્ર, હુજજતુલ્લાહ અલલ અમાન, મેંહદીયે મવઊદ, અલયહીસ્સલામ, સીદ્દીકહ તાહેરહ જનાબે ફાતેમા અ૦ની ઔલાદથી થશે

૧૨ સુન્નત જમાતની કિતાબ "કિતાબુન્નુસુસ"માં અનસથી રિવાયત કરવામાં આવેલ છે કે, હઝરતે રસુલેખુદા સ૦ મે ફરમાવ્યું કે હે અસ્હાબોનાં ટોળા! જે માણસે કે મારી પાક પાકીઝા અને મઅસુમ અહલેબયતની સાથે મોહબ્બત (દોસ્તી) રાખી હશે, તેનો હશર કયામતનાં દીવસે મારી સાથે થશે, અને જે કોઇ માણસ મારી વફાત પછી તરતજ મારા અવસીયા (વસીયો)ની પેરવી મજબુત રીતે કરે તેણે જાણે કે એવી રસ્સી (દોરી) પકડી છે કે જે મઝબુત છે. પછી અબુઝર ઉભા થયા અને અરજ કીધી કે યા નબીય્યલ્લાહ! આપની વફાત બાદ તરતજ આપનાં અવસીયા કોણ છે? હઝરતે રસુલેખુદા સ૦ મે ફરમાવ્યું કે તેઓની ગણત્રી બની ઇસરાઇલનાં નોકબા (કે જેઓ બાર હતા)ની ગણત્રી જેટલી છે, અને તેઓ સર્વે મારી અહલેબયત છે, તેઓમાંના છેલ્લા નવ હઝરતે ઇમામ હુસેન અ૦ ની પીઠમાંથી (અવલાદમાથી) છે, અને હ૦ મેહદી હાદીયે મવઊદ તેઓમાંના છેલ્લા છે.

# બારમા ઈમામ અ૦ ગાયબ હોવા વિષે સાબેતી.

અલ્હમ્દોલિલ્લાહ; હજારો કિતાબો, સેંકડો તફસીરો અને હજારો હદીસોને આધારે હક વાત જાહેર થઇ ચુકી છે કે, હાલમાં ઇમામ ગાયબ છે. તે માટે જુઓ કે કુરઆને શરીફનાં પહેલા સીપારાની પહેલી આયતમાં ખુદા ફરમાવે છે કે "બીસમીલ્લાહીર રહમાનીર

રહીમ. અલીફ-લામ-મીમ, ઝાલેકલ કીતાબો લારૈબ ફીહે, હોદલ્લીલ મુત્તકીન, અલ્લઝીન યુઅમેનુન બીલગયબ." એટલે "આએ કિતાબ છે કે તેમાં જરા પણ શક નથી, અને તે પરહેઝગારોને હિદાયત કરનાર છે, કે જેઓ ગયબ ઉપર ઇમાન લાવેલ છે."

આની તફસીરમાં હઝરતે ઇમામ જઅફરે સાદીક અ૦ મે ફરમાવેલ છે કે આ આયતમાં આવ્યું કે ગયબ ઉપર મુત્તકી અને પરહેઝગાર ઇમાન લાવે છે તે ગયબથી મુરાદ બારમા ઇમામ છે અને મુત્તકીનથી મુરાદ અમારા શીઆહ છે, મતલબ એ કે જેઓ એહલેબયત અ૦ ના શીઅહ છે તેઓએ બારમા ઇમામ અ૦ ઉપર ઇમાન લાવે છે.

અને આ આયતને બીજી આયતથી ટેકો મળે છે તે એ કે ખુદા ફરમાવે છે કે-"વયકુલુન લવઉન્ઝીલ અલયહે આયતુન મીર રબ્બેહી ફકુલ ઇન્નમલ ગયબુ લિલ્લાહે ફન્તઝેરો ઇન્ની મઅકુમ મેનલ મુનતઝેરીન." એનો ખુલાસો એ છે કે "તેઓ કહે છે કે એ વાતની સચ્ચાઇ માટે ખુદા શા માટે કોઇ મોઅજીઝો નાઝીલ કરતો નથી, તેઓના જવાબમાં કહે કે તેની મસલેહત એ ગયબની બાબતની તેજ બેહતર જાણે છે માટે તમો તે વિષે રાહ જુઓ અને હું પણ તમારી સાથે રાહ જોઉં છું."

હ૦ ઇમામે મેંહદી અ૦ ના ગાયબ હોવા વિષે અને વખતસર ઝહુર થવા વિષે અકલી અને નકલી હજારો દલીલો હસ્તી ધરાવે છે કુરઆને શરીફની કેટલીક આયતો અને હદીસોના ઘણાં ફકરાઓ એ વિષે સાક્ષી આપે છે કે તે હઝરત ગાયબ છે અને તેમનાં શીઅહોને ઘણો ઇન્તેઝાર ખેંચવો પડે છે. એ અલ્લાહ તઆલાની તરફથી

તે હઝરતનાં શીઆહો માટે સવાબે અઝીમનું કારણ છે. જેમકે હઝરતે અમીરૂલ્મોઅમેનીન અ૦ ને કોઇએ સવાલ પુછયો કે, ખુદાવંદ તઆલાને કયો અમલ વધારે પસંદ છે? તો આપે જવાબમાં ફરમાવ્યુ કે, (હ૦ ઇમામે મેંહદી અ૦ નાં) ઝુહુર ફરમાવવાનો ઇન્તેહાર કરવાનો અમલ ખુદાને વધારે પસંદ છે.

"ફરાયદુસ્સીમતીન"માં મોહદ્દીસ ફકીહ શાફેઇ સુન્નત જમાત શેખ મોહમ્મદ બીન ઇબ્રાહીમ અલ્જોવૈનીયુલ ખુરાસાનીયુલ હમવૈની. જાબીર બીન અબ્દુલ્લાહ અનસારીથી રિવાયત કરે છે કે, હઝરતે રસુલેખુદા સ૦ મે ફરમાવ્યું કે, જે માણસ હ૦ ઇમામે **મેંહદી** અ૦ નાં જાહેર થવાનો અને તેમનાં ખરૂજ કરવાનો ઇન્કાર કરે તે જે વસ્તુ હઝરતે મોહમ્મદ સ૦ ઉપર નાઝીલ કરવામાં આવી છે તેનાથી કુફર કરનારો અને કાફીર છે; અને જે હઝરતે ઇસા અ૦ નાં નાઝીલ થવાનો ઇનકાર કરે તે પણ કાફીર છે અને જે દજ્જાલ બત્તાલનાં જાહેર થવા અને નિકળવાનો ઇન્કાર કરે તે પણ કાફીર છે, અને ઇસ્લામનાં દાયરા વર્તુલમાંથી ખારીજ-બહાર કઢાએલો છે.

એજ કિતાબમાં છે કે, ઇબ્ને અબ્બાસે કહયું કે, હઝરતે રસુલેખુદા સ૦ મે ફરમાવ્યું કે, મારી બાદ મારા બાર ખલીફા અને વસીયો ખુદાની હુજ્જતો છે, જેમાંના પહેલા અલી અ૦ છે, અને છેલ્લા મ્હારા ફરઝંદ **મેંહદીએ** મવઉદ છે, હઝરતે ઇસા અ૦ આકાશ ઉપરથી નિચે ઉતરશે, અને તે મેંહદીની પાછળ નમાઝે જમાઅત પડશે, તે વખતે પુથ્વી ખુદાવંદે તઆલાનાં એ નૂરથી પ્રકાશીત થઈ જશે, અને પુર્વથી પ્રશ્રીમ સુધી હ૦ મેંહદી અ૦ નું રાજ્ય ફેલાઇ જશે.

અબ્દુલ્લાહ બીન અયાશે "મનકબત"માં વકીઅ બીન રાહથી, તેણે રબીઅ બીન સઅદથી, અને તેણે અબ્દુરરહ બીન સાબિતથી રિવાયત કરી છે કે, હ૦ ઇમામે હુસૈન અ ફરમાવ્યું કે, અમો બાર ઇમામ છીએ તેમાં પહેલા અમીરૂલ્મોઃ નીન અલી અ૦, અને છેલ્લા મારા નવમાં ફરઝંદ છે, અને કાયમ બરહક છે, અને ઝમીનને જીવતી કરનાર છે, અને તે ખુદા તમામ દીન ઉપર ગાલેબ કરશે, અગરચે મુશરેકો અણ રાખે, પણ એ મારા ફરઝંદને માટે ગેયબ થવાનું છે, અને અરસામાં એક જમાઅત તેનાંથી ફરી જશે, અને તે એવો ઝમ (બલા અને મુસીબત અને ઇજાનો) કે તે ઇજા આપે તેનાં ઉ અને જુઠા પાડે તેનાં ઉપર સબર કરનારને ફીસબીલીલ્લાહ ( ખુદામાં) હ૦ રસુલ સ૦ ની સાથે જઇને જહાદ કરવા સવાબ મળશે.

સુન્નત જમાતનાં આલીમ અખતબ ખ્વારઝમે સુલેમાન રાઇ રિવાયત કરી છે કે હ૦ રસુલેખુદા સ૦ મે ફરમાવ્યું કે, મેઅરાજ રાત્રે મેં ખુદાનો હુકમ સાંભળ્યો કે, "ખુદાનાં હુકમો જે રસુલેખુ સ૦ ઉપર ઉતર્યા તે તેણે માન્યા." જ્યારે મેં આમ સાંભળ્યું મેં અરજ કરી કે, "મોઅમેનો પણ ઇમાન લાવ્યા." ખુદાની વ થઇ કે "તેં સાચું કહયું, એ મોહમ્મદ! સ૦ તેમનાં ઉપર તેં કો મુકર્રર કરેલ છે? મેં અરજ કરી કે, ઉમ્મતમાંનાં શ્રેષ્ટ (ખૈર અલી ઇબ્ને અબી તાલીબ અ૦ ને ખલીફા મુકર્રર કર્યા છે; વ ખુદાની વહી સાંભળી કે "મેં ઝમીન ઉપર નજર કરીને તને પસં કર્યો, અને તારા નામને મારા નામ સાથે જોડયું, બેશક હું મહમુ છું અને તું મોહમ્મદ છે; બીજી વખત મેં નજર કરી અ

અલીને ચુંટી કાઢ્યા, અને તેનાં નામને મારા નામ સાથે મેળવ્યું, કેમકે હું અલીય્યુલ્અઅલા છું, અને તે અલી છે.

તે પછી ખુદાએ ફરમાવ્યું કે, એ મોહમ્મદ સ૦ મેં અલી, ફાતેમહ, હસન, અને હુસૈને, (સલવાતુલ્લા હે અલયહીમ) ને મારા નુરથી પૈદા કીધા છે, અને તમારી મોહબ્બત ઝમીન આસમાન-વાસીઓ ઉપર જાહેર કરી જેણે માન્યું તે મોઅમીન થયો, જે નામુકર ગયો તે કાફર થયો. એ મોહમ્મદ સ૦! જો કોઇ મારી બંદગી કરે એટલે સુધી કે તે સુકાઇ ગએલી પાણીની મશક જેમ બની જાય અને તમારી વિલાયતને ન માનનારો હોય તો તેને હું નજાત નહીં આપું, જયાં સુધી કે તે તઉબા નહી કરે પછી હુકમ થયો કે એં મોહમ્મદ સ૦! તું ચાહે છે કે, તેમને જુએ? મેં અરજ કરી કે હા, એ મારા ખુદા! ફરમાન થયું કે અર્શની જમણી બાજુએ જુઓ. મેં ત્યાં જોયું તો અલી, ફાતેમહ, હુસૈન, અલી ઇબ્નુલ્હુસેન, મોહમ્મદ ઇબ્ને અલી, જઅફર ઇબ્ને મોહમ્મદ, મુસા ઇબ્ને જઅફર, અલી ઇબ્ને મુસા, મોહમ્મદ ઇબ્ને અલી, અલી ઇબ્ને મોહમ્મદ, હસન ઇબ્ને અલી, અને મેંહદી અ૦ ને જોયા: જેમનાં નૂર ચમકી રહયા છે, અને એ સરવે નમાઝમાં મશગુલ છે; અને મેહદી અ૦ નું નૂર તેમનાંમાં તારાની જેમ જગજગી રહયું છે.

ખુદાએ ફરમાવ્યું કે, એ મોહમ્મદ! (સ૦) દુન્યા ઉપરે આ મારી હુજ્જતો છે, અને એહલેબેયતે રિસાલત ઉપર જે ઝુલ્મો કરશે તેનો બદલો મેંહદી અ૦ લેશે, મારી ઇઝઝત અને જલાલની કસમ કે તે મારા દોસ્તો ઉપર હુજ્જત અને મારા દુશ્મનો પાસેથી બદલો લેનાર છે.

સુન્નત જમાતનાં આલીમો. સીબ્ત ઇબ્ને જોઝીની કિતાબ "ખ્વાસુલ ઉમ્મહુ" મુલ્લા જામીની "શવાહેદુન્નોબુવ્વહ" "રઉઝતુસ્સફા" "ફુસુલુલ મોહીમ્માહ ફી મઅરેફતીલ અઇમ્મહ" ઇબ્ને સેબાગ માલેકીની રચેલી કિતાબ; "મતાલેબુસ્સુઉલ ફી મનાકેબે આલે રસુલ" કમાલુદદી તલહા શાફઇની રચેલી અને 'વસીલતુન્નજાત ફી ફઝાઇલીલ હઝરાત" મઉલવી મોહમ્મદ મુબીનની રચેલી એ સર્વ કિતાબોમાં આ બાબત સચોટ વીગતથી ભરેલી છે અને ચાલુ ઝમા-નામાં પણ કેટલીક કિતાબે આપણાં ભાઇઓ સુન્નત વલજમાઅતના આલીમોએ ઇસ્તંબોલ અને મીસરમાં પ્રગટ કરેલી છે, જેમાં સુલેમાન બીન ઇબ્રાહીમ, મશહુર ખ્વાજા કલાન મોહંમદ સાહેબની "યનાબીઉલ મોવદ્દહ" અને શેખ શબલન્જી મીસરીની રચેલ 'નુરૂલ્અબસાર ફી મનાકીબે એહલે બયતીન્નબીયુલ મુખ્તાર' તથા કિતાબ "અસઆફુર રાગેબીન ફી ફઝાઇલીલ મુસ્તફા વ અહલેબયતીત્તાહેરીન" વીગેરેમાં બાર ઇમામો અ૦ હક હોવા વિષે અને છેલ્લા ઇમામ હ૦ મેંહદી અ૦ છે અને તેઓ જાહેર થઇને આખી ખલકતને એક મઝહબ સ્વીકરાવશે, વિગેરે લંબાણથી હદીસોવાર લખેલ છે. અને એ હદીસો મુજબજ ઇમામો અ૦ બાર છે, અને બારમા ઇમામ અ૦ ગાયબ છે, તે વિષે સુન્નત જમાતનાં ઘણાં આલીમોનો મત શીઆહ ઇસના અશરીને મળતો છે. કે જે લંબાણ થવાનાં કારણે અમો અત્રે લખી શકતા નથી.

ખુદાવંદે તઆલા સરવેને હક સમજવાની તોવફીક આપે, અને ખરા ઇમામો અ૦ નો દામન નસીબ ફરમાવે.

વસ્સલામો અલા મેનત્તબેઅલ હોદા એટલે સલામ થાય એમના ઉપર કે જેઓ હીદાયતની પેરવી કરે.

**લી૦ ઇમામે મોબીનનો ગુલામ અદદની રૂએ નં. ૮૬.**

# અમારા તરફથી

નીચે મુજબ બુકો, અમારા માતપિતાના રૂહના સવાબ
માટે વકફ કરવામાં આવી છે.

જે સાહેબોને જોઇએ તેમણે બે આનાની
ટીકી મોકલી મંગાવી લેવી.

રાહે મશાહદ, સોનેરી-સુખન, ચીરાગે-હિદાયત,
જોશને કબીર, ગુનચએ સલવાત, શહાદતની
ફીલોસોફી અને શહાદતની મહત્વતા.

ગુલામહુસેન વલીમહમદ ભીમજી
સાજન લાદીવાળા.

લખોઃ—સાજન કું.

ટાઈલસના વેપારી.
કોટ, જુની કસ્ટમ સામે મુંબઇ.

મુબઇના ગ્રહસ્થોએ ઉપલે ઠેકાણેથી
વકફ લઇ જવી.



આ પુસ્તક ઇસ્લામપુરાગાં આવેલા ઈસ્લામ પ્રિન્ટીંગ પ્રેસમાં
મુન્શી ફત્તેહખાન અહમદખાનએ છાપ્યું છે અને
સાજન કું. એ કસ્ટમ હાઉસ સરકલમાંથી પ્રગટ કર્યું છે.

# ૭૮૬

## સસ્તો અને સારો માલ

દરેક જાતનો મારબલ, સફેદ
ઇંગ્લીશ ટાઈલ્સ ગાલીચાની
લાદી માર્સેલ્સ લાદી '૮-૮'
ની વિગેરે દરેક જાતની
લાદીના વેપારી.

મળો યા લખો:—

# સાજન કું૦

કોટ, જુની કશટમની સામે, મુંબઇ.